જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૨/૨૦૨૧ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૩૭૩/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૩૮ | ૦ | ૧૧૭૩૮ | ૧૭૮૪૮ | ૦ | ૧૭૮૪૮ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૫ | ૦ | ૧૨૫ | ૩૯૭ | ૦ | ૩૯૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૫૬૨૫ | ૯૮ | ૭૫૭૨૩ | ૭૬૭૫૪ | ૮૯ | ૭૬૮૪૩ |
| | કુલ | ૯૨૨૨૧ | ૯૮ | ૯૨૩૧૯ | ૧૦૧૨૮૧ | ૮૯ | ૧૦૧૩૭૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦ | ૩,૯૭,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૧૦ | ૫,૧૦,૦૦૦/- |

## **નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૭૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૨ કેસ કરી, ૯૦ વ્યક્તિઓને ઝડપી, ૩૨૪ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન, ૧ કાર, ૨ મોતર સાયકલ, ૧ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## **તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૭૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## **છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૩૭૬/૨૦૨૧**

**ચાંદખેડાઃ** અશોકભાઈ વિજયભાઈ ચૌધરી (ઉ.વ.૪૧) (રહે. સિટી સ્કવેર ગોદરેજ ગાર્ડનસિટી જગતપુર ચાંદખેડા) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૩/૨૦૨૧ ના રોજ મોબાઈલ ફોન નંબર ૯૭૦૭૯૫૬૮૮૦ ના ધારકે અશોકભાઈના મોબાઈલ ઉપર ફોન કરી આર્મી જવાન વાત કરતા હોવાની ઓળખ આપી મકાન ભાડે રાખવાનુ જણાવી ભાડા અંગે ટોકન પેટે રૂપિયા ૨૦,૦૦૦/- આપવાનુ કહી વિશ્વાસમા રહી અશોકભાઈના મોબાઈલમાં ક્યુઆર કોડ મોકલી સ્કેન કરાવી અશોકભાઈના ખાતામાંથી રૂપિયા ૯૯,૦૦૦/- ઓનલાઇન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.દેસાઈ ચલાવે છે.

**માધવપુરાઃ** શિલ્પાબહેન ડૉ/ઓ પુંજાભાઇ બાંભણીયા (ઉ.વ.૨૧) (રહે. મનમોહન એપાર્ટમેન્ટ સુભાષબ્રીજ સર્કલ પાસે કેશવનગર) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે શિલ્પાબહેન બાંભણીયાએ ફોન પે માંથી કરેલ ટ્રાન્જેક્શન રૂપિયા ૧,૨૦૦/- ખાતામાંથી ડેબીટ થતા સામે ટ્રાન્જેકશન નહી થતા રિફંડ માટે તા.૩૦/૧૨/૨૦૨૦ ના રોજ કસ્ટમર કેરમાં ફોન કરતા મોબાઈલ ફોન નંબર ૯૩૩૯૨૯૧૦૯૧ ના ધારકે રિફંડ બાબતે વાત કરતા તેઓએ લીંક મોકલી પ્રોસેસ કરાવી શિલ્પાબહેનના ખાતામાંથી રૂપિયા ૪૭,૫૩૧/- ઓનલાઇન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.ટી ઉદાવત ચલાવે છે.

**રાણીપઃ** નિરજ નાથાલાલ માધવાણી (ઉ.વ.૪૮) (રહે. બિંદુ પાર્ક સોસાયટી કેશવનગર સુભાષબ્રીજ) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓક્ટોમ્બર/૨૦૨૧ થી તા.૧૧/૧૧/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૮૧૦૯૧૯૯૦૮૮ ના ધારકે નિરજ માધવાણીને ફોન કરી પોતાનુ નામ અંકીત શર્મા જણાવી UPSTOX કંપનીમાંથી વાત કરતા હોવાનુ જણાવી વિશ્વાસમાં લઇ UPSTOX બ્રોકીંગ કંપનીમાં નિરજ માધવાણીનુ ડીમેટ એકાઉન્ટ ખોલાવાનુ કહી નિરજ માધવાણીના ડોક્યુમેન્ટ મેળવી લઇ બનાવટી ડિમેટ એકાઉન્ટ ખોલી ડીમેટ એકાઉન્ટ નંબરની જગ્યાએ અન્ય સુર્યોદય સ્મોલ ફાઇનાન્સ બેન્ક લીમીટેડના એકાઉન્ટ નંબર ૨૧૧૦૪૦૬૮૯૮૦૩ આપી આ એકાઉન્ટમાં નિરજ માધવાણી પાસે શેર બજારનુ ટ્રેડીંગ કરાવવા સારૂ ડીપોઝીટ પેટે રૂપિયા ૫૦,૦૦૦/- ભરાવી રૂપિયા મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.ખાંભલા ચલાવે છે.

**સાબરમતીઃ (૧)** સંદીપ અરવિંદભાઇ પટેલ (ઉ.વ.૨૯) (રહે. સન રીઅલ હોમ્સ સાવન બંગ્લોઝ પાછળ ન્યુ રાણીપ) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સંદિપ પટેલે ઓએલએક્સ એપ પર સોફા વેચવા મુકતા તા.૦૬/૧૨/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૩૯૫૬૫૪૭૧૪ અને ૯૮૨૭૯૮૫૯૦૮ ના ધારકે સોફા ખરીદ કરવાનુ જણાવી ગુગલ પે થી પૈસા ટ્રાન્સફર કરવાનુ જણાવી સંદિપ પટેલના મોબાઇલ ફોનમાં ક્યુ.આર કોડ મોકલી ગુગલ પે એકાઉન્ટ દ્વારા સ્કેન કરવાનુ કહી ઇન્ટરનેટના માધ્યમથી સંદિપ પટેલના ખાતામાંથી રૂપિયા ૨૪,૯૯૮/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એસ.ઠાકર ચલાવે છે.

**સાબરમતીઃ (૨)** આશિષભાઇ ગૌતમભાઇ દવે (ઉ.વ.૩૨) (રહે. ભવસાગર સોસાયટી જવાહર ચોક સાબરમતી) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વોટ્સએપ ગૃપમાં આવેલ મેસેજમાં નોકરી માટે સંપર્ક નંબર આવતા તા.૧૧/૧૨/૨૦૨૧ ના રોજ નોકરી મેળવવા આશિષભાઈ દવેના પત્નીએ મોબાઈલ નંબર ૮૪૬૨૦૫૨૬૫૮ ઉપર ફોન કરતા તેઓએ પાયલબહેન નામ જણાવી આશિષભાઈ દવેના પત્નીને એરપોર્ટ કાર્ગો વિભાગમાં સુપરવાઇઝરની નોકરી અપાવવાનુ જણાવી પ્રોસેસ માટે કુલ રૂપિયા ૨૦,૫૦૦/- તેઓના ખાતામાં ટ્રાન્જેકશન કરાવી મેળવી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એસ.ઠાકર ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** હાર્દિકકુમાર બાબુભાઇ પટેલ (ઉ.વ.૨૭) (રહે. રોયલ રેસિડન્સી શ્રીરામ ચોક નવા નરોડા) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૧ રાતના ૧૧/૧૫ થી તા.૧૩/૧૨/૨૦૨૧ કલાક ૨/૪૩ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન હાર્દિકકુમાર પટેલના બેન્કના ખાતામાંથી અજાણી વ્યક્તિએ રૂપિયા ૭૫,૦૦૦/- ઉપાડી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

**શાહપુરઃ** મોહમદસાદીક મોહમદહનીફ શેખ (ઉ.વ.૪૦) (રહે.કક્કડવાડ ખાનપુરા ચકલા ઈમ્પીરીયલ બેકરીની બાજુમાં ખાનપુર શાહપુર) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોહમદસાદીક શેખ એ સ્લાઈસ નામની કંપનીમાંથી ક્રેડીટ કાર્ડ માટે ઓનલાઈન એપ્લીકેશન કરેલ હોઈ ક્રેડીટ કાર્ડ નહી આવતા તા.૨૯/૧૧/૨૦૨૧ ના રોજ ગુગલમાંથી કસ્ટમર કેર નંબર સર્ચ કરી મોબાઈલ નંબર ૯૮૮૩૦૯૪૧૨૬ ઉપર ફોન કરતા તેઓએ એની ડેસ્ક નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી એપ્લીકેશનમાં પ્રોસેસ કરાવી મોહમદ્સાદીક શેખના સ્લાઈસ કંપનીના ક્રેડીટ કાર્ડમાંથી રૂપિયા ૧,૪૪,૯૬૯/-મેળવી લઈ વિશ્વાસઘાત છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

કાલુ**પુરઃ** અનુજભાઇ પ્રવિણભાઇ રાજપુત (ઉ.વ.૩૧) (રહે. પટણીશેરી ગાંધીચોક પ્રકાશ સિનેમા પાસે ધીકાંટા કાલુપુર) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અનુજભાઇ રાજપુત ડેકોરેશનનુ કામકાજ કરતા હોઈ ફ્લાવર્સની જરૂરીયાત હોઈ ફેસબુક ઉપર મુકેલ જાહેરાત જોઈ અનુજભાઇ રાજપુતએ ફ્લાવર્સ ખરીદ કરવા તા.૨૫/૧૧/૨૦૨૧ ના રોજ ZION FLOWERS ના સ્પ્લાઇર નામે દિપકને ફોન કરી ફ્લાવર્સનો ઓર્ડર આપતા મોબાઇલ નંબર ૯૩૮૦૪૦૧૩૪૦ ના ધારકે અલગ-અલગ ફ્લાવર્સની કિમત રૂપિયા ૧,૮૪,૦૫૦/- જણાવી એડવાન્સ પેટે રૂપિયા ૮૦,૦૦૦/- ઓનલાઈન ભરાવી મેળવી લઈ ફ્લાવર્સના ઓર્ડર મુજબનો માલ નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી ડી.બી.ડાભી ચલાવે છે.

**શહેરકોટડાઃ** સચીનકુમાર નવીનકુમાર દોશી (ઉ.વ.૨૮) (રહે. એ-૧ સુદર્શન એપાર્ટમેન્ટ તપોવન સોસાયટીની બાજુમાં અનીલ સ્ટાર્ચ રોડ સરસપુર) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સચીનકુમાર દોશીએ ફેસબુક ઉપર ફર્નિચર વેચાણ મુકેલ જાહેરાત જોઈ જેમા આપેલ સંપર્ક નંબર ૯૬૭૯૬૪૪૨૪૦ ઉપર તા.૧૪/૦૫/૨૦૨૧ ના રોજ વાતચીત કરી ફર્નિચર ખરીદ કરવાનુ જણાવતા તેઓએ અલગ-અલગ બહાના બનાવી સચીનકુમાર દોશી પાસેથી રૂપિયા ૨૧,૯૯૮/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ ફર્નિચર નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.ડાભી ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** ઇકબાલભાઇ અહેમદભાઇ કચરાજીવાલા (ઉ.વ.૪૯) (રહે. લાંબીશેરી નવી મસ્જીદ જમાલપુર) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૭૩૭૯૪૯૧૦૭૭, ૮૯૪૮૭૩૧૦૩૬ ના ધારકો એ ઇકબાલભાઇને ફોન કરી બજાજ કંપનીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી ઇકબાલભાઇના બજાજ કંપનીના કાર્ડમાં લીમીટ વધારી નવુ ક્રેડીટ કાર્ડ આપવાનુ જણાવી લીંક મોકલી પ્રોસેસ કરાવી માહિતી મેળવી લઈ ઇકબાલભાઇના બજાજ આર.બી.એલ ના ક્રેડીટ કાર્ડમાંથી રૂપિયા ૨૫,૯૯૨/- ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

**ખાડીયાઃ** અરવિંદભાઇ રેવાભાઇ પટેલ (ઉ.વ.૫૧) (રહે. પડીપોળ માંડવીની પોળમાં માણેકચોક) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અરવિંદભાઇ પટેલે ફેસબુક એપ ઉપર પતંજલી પ્રોડકટની આયુર્વેદીક દવા ૨૦ ટકા ડીસ્કાઉન્ટથી મળશે તેવી જાહેરાત જોતા અરવિંદભાઇ પટેલે દવા ખરીદ કરવાની હોઈ જેમા આપેલ સંપર્ક નંબર ૯૯૩૩૭૨૭૪૫૮ ઉપર તા.૧૬/૧૧/૨૦૨૧ ના રોજ આયુર્વેદીક દવા ખરીદ કરવાનુ જણાવતા પંકજ શર્મા નામની વ્યક્તિએ દવા મોકલી આપવાની વાત કરી  તેઓના ખાતામાં ફોન પે થી અરવિંદભાઈ પટેલ પાસેથી રૂપિયા ૧,૮૫,૯૨૮/- ઓનલાઈન ટ્રાન્જેક્શન કરાવી મેળવી લઈ આયુર્વેદીક દવા નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.વાળા ચલાવે છે.

**આનંદનગરઃ** સૌમીલભાઇ મહેશભાઇ દેસાઇ (ઉ.વ.૩૮) (રહે. સચીન ટાવર આનંદનગર ૧૦૦ ફુટ રોડ આનંદનગર) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાલા દરમ્યાન મોબાઇલ નંબર ૮૭૬૫૫૨૮૯૪૧ ના ધારક અનીલકુમાર તથા મોબાઇલ નંબર ૯૩૯૫૧૪૮૧૫૨ ના ધારકે સૌમીલ દેસાઈના પેટીએમ થી અનીલકુમારના મોબાઇલ નંબરના પેટીએમ દ્વારા અલગ-અલગ રૂપિયા ૧,૯૮,૭૯૯/- ટ્રાન્જેકશન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એસ.રોય ચલાવે છે.

**એલીસબ્રીજઃ (૧)** દિપાલીબહેન ડો/ઓ દિનકરભાઇ ત્રિવેદી (ઉ.વ.૬૨) (રહે.ગાંધીકુંજ સોસાયટી કોચરબ આશ્રમ પાસે એલીસબ્રીજ) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દિપાલીબહેન ત્રિવેદીની પુત્રીના મોબાઈલ ઉપર તા.૧૩/૧૦/૨૦૨૦ ના રોજ મોબાઇલ નંબર ૯૦૫૩૯૯૭૨૬૬ ના ધારકે વોટસઅપમાં ક્યુ.આર.કોડ મોકલી કોડ સ્કેન કરાવી ખાતામાંથી કુલ રૂપિયા ૮૪,૩૫૨/- ઉપાડી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જે.રાજપુત ચલાવે છે.

**એલીસબ્રીજઃ** (૨) ઉમાબહેન વા/ઓ વસંત દોશી (ઉ.વ.૭૭) (રહે. સુપ્રીમ ટાવર સી.એન.વિદ્યાલય સામે આંબાવાડી) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૮/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૮૦૦૬૪૩૩૧૪૭ ના ધારકે ઉમાબહેનના ખાતામાંથી ચેનકેન પ્રકારે રૂપિયા ૪૦,૦૦૦/- ઉપાડી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જે.રાજપુત ચલાવે છે.

**સરદારનગરઃ** દેવીબહેન વા/ઓ દિપક ગુલાબાણી (ઉ.વ.૫૬) (રહે. સિંધુ સાગર સોસાયટી માયા સિનેમા પાછળ કુબેરનગર) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દેવીબહેન ગુલાબાણી એ ફેસબુક ઉપર ફર્નિચર વેચાણ મુકેલ જાહેરાત જોઈ જેમા આપેલ સંપર્ક નંબર ૯૮૨૭૮૮૨૪૭૩ ઉપર તા.૧૧/૧૨/૨૦૨૧ ના રોજ વાતચીત કરી ફર્નિચર ખરીદ કરવાનુ જણાવતા મોબાઈલ નંબર ૯૮૨૭૮૬૪૮૧૬, ૭૪૦૪૭૯૩૩૫૨ અને ૮૯૨૬૦૧૬૩૫૩ ના ધારકોએ અલગ-અલગ બહાના બનાવી દેવીબહેન ગુલાબાણી પાસેથી રૂપિયા ૧,૧૨,૯૦૦/- ઓનલાઈન તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લઈ ફર્નિચર નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.દરજી ચલાવે છે.

**મણીનગરઃ** જય પ્રવિણચંદ્ર ગોસળીયા (ઉ.વ.૪૪) (રહે. હરીકૃપા ફ્લેટ ગુરૂદ્વારા સામે પુનીત આશ્રમ રોડ, મણીનગર) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૨/૨૦૨૧ ના રોજ જય ગોસળીયાના મોબાઈલ ઉપર મોબાઇલ નંબર ૧૮૦૦૪૧૨૩૧૫૮૧, ૯૮૨૭૯૩૬૮૪૬ ના ધારકે ફોન કરી ક્રેડીટ કાર્ડ વિભાગમાંથી વાત કરતા હોવાની ઓલખ આપી જય ગોસળીયાના ક્રેડીટ કાર્ડનો ચાર્જ ભરવો પડશે તેમ જણાવી જય ગોસળીયાના મોબાઇલ ફોનમાં એનીડેક્સ એપ્લીશન ડાઉનલોડ કરાવી ઓટીપી નંબર મેળવી લઈ જય ગોસળીયાના એસબીઆઈ ના ક્રેડીટ કાર્ડ માંથી અલગ-અલગ ટ્રાન્જેક્શન કરી કુલ રૂપિયા ૧,૨૫,૭૨૪/- ઓનલાઇન ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.વણઝારા ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** નિલેષભાઇ મોહનભાઇ પટેલ (ઉ.વ.૩૯) (રહે. સ્વામી અખાંડાનંદ સોસાયટી રત્નાપાર્ક ઘાટલોડીયા) એ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૦/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પીન્ની મોબાઇલ નંબર +૪૪-૭૫૭૫૭૦૧૪૩૦, +૬૦ ૧૧-૨૯૦૬૭૨૫૪, રાહુલ મો.ન.+૬૦ ૧૧-૨૮૫૯૦૯૩૬ ના ધારકોએ નિલેષભાઇ પટેલને ફોન કરી ઇંટરનેશનલ ફલેવર્સ એંડ ફ્રેગ્નેંસ કંપનીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી આ કંપનીમાં ઇનવેસ્ટ કરવાથી મોટો નફો થશે તેવી લોભામણી લાલચ આપી આઇ.એફ.એફ કંપનીની લીંક http://iff.goldp.gold/#/ મોકલી તેમા નિલેષભાઇ પટેલનું રજીસ્ટ્રેશન કરાવી મોટો નફો અને ટ્રેડીંગ એકાઉંટમાં નિલેષભાઇ પટેલ પાસેથી નાણા ભરાવી ભરેલ નાણા નફા સાથે દર્શાવી વિશ્વાસમાં લઈ નિલેષભાઇ પટેલ પાસેથી કુલ રૂપિયા ૧,૧૦,૯૯,૪૪૦/- ભરાવડાવી કોઇ પ્રોફીટ નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૭૭/૨૦૨૧**

નરોડાઃ ધૃતિ ડો/ઓ દેવાંગભાઇ સાતા (રહે. ગાયત્રી ગ્રીન રેસીડેન્સી સદગુરુ લેંડપાર્ક ફ્લેટ પાસે નવા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૨૦૨૧ કલાક ૧૧/૦૦ થી તા.૨૯/૧૨/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, મોબાઇલ ફોન નંગ-૩,મેમરી કાર્ડ નંગ-૫, અને પેન ડ્રાઇવ નંગ-૨ મળી કિમત રૂપિયા ૧,૦૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ છે. આ ગુનાની તપાસ પોસઇશ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૭૮/૨૦૨૧**

**ઓઢવ**ઃ કેતનભાઈ ચીમનલાલ પટેલ (ઉ.વ.૫૨) (રહે. હાર્મોની સ્ટેટસ સોસાયટી હેરીટેજ બંગ્લોઝની બાજુમાં સાયન્સ સીટી સામે ભાડજ) એ તા.૨૨/૧૨/૨૦૨૧ સાંજના ૬/૨૫ વાગે નિકોલ કઠવાડા ચાર રસ્તાથી ઓઢવ બ્રીજ રીંગરોડ બ્રીજ તરફ કેશવ હીરો હોન્ડાની બાજુમાં સ્ટારએગ નામની ઈંડાની દુકાન આગળ પાર્ક કરેલ પોતાની કારનો દરવાજો ખોલી મોટર સાયકલ પર આવેલ બે પુરૂષ કારમાંથી બે બેગ ચોરી કરી લઈ ગયા હતા. જે બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૩,૭૫,૦૦૦/- તેમજ જરૂરી ડોક્યુમેન્ટ હતા. આ અંગેની ફરીયાદ કેતનભાઈ પટેલે તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

**ભુલથી ઝેરી દવા પી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૭૯/૨૦૨૧**

**માધવપુરા**ઃ અશ્વીન ચિમનભાઇ પરમાર (ઉ.વ.૪૧) (રહે. નવાનુ ડેહલુ પ્રેમ દરવાજા બહાર) માનસીક બિમાર હોઈ તા.૨૮/૧૨/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે માનસિક બિમારીની દવાને બદલે ઝેરી દવા પી લેતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૧૨/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રુગ્નાથજી ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૮૦/૨૦૨૧**

**ઓઢવ**ઃ રામવરનસિંહ બદરીસિંહ પરીહાર (ઉ.વ.૪૧) (રહે. ગોકુલચંદની નવી ચાલી રામચંદ્ર કોલોની સામે ચમનપુરા અસારવા મેઘાણીનગર) તા.૨૯/૧૨/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ વેપારી મહામંડળની પાસે પુષ્પક ઇન્ડસ્ટ્રીયલ પાર્ક નામની નવી બનતી સાઈટ ઉપર કલરકામ કરતા હતા ત્યારે લોખંડની ચાર પોયા વાળી પાલકનો ઉપરનો ભાગ વિજ ડી.પી. ઉપર પડતા લોખંડની સીડીમાં વિજ કરંટ આવતા રામવરનસિહ નાઓને વિજ કરંટ લાગતા નીચે પડી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી રેણુકાબહેન ઇશ્વરભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૮૧/૨૦૨૧**

**વાડજઃ** જીવણભાઈ દાનાભાઈ ચાવડા (ઉ.વ.૪૫) (રહે. હનુમાનપુરાની ચાલી જુના વાડજ બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ સામે જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૨/૨૦૨૧ બપોરના ૧/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઈપમાં કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** વિક્રમભાઈ રામસાગર ગૌતમ (ઉ.વ.૩૫) (રહે. કેવડાજીની ચાલી હીરાવાડી ચાર રસ્તા પાસે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૨/૨૦૨૧ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગુલાબસિહ દાનસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.